# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૩/૧/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ )

---

# ચેમ્બરના જીએફઆરઆરસી દ્વારા '૫ બાય ૧૦ વ્યૂઝ ઓન ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી ૨૦૧૯' વિષય ઉપર સેમિનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટર (જીએફઆરઆરસી) દ્વારા '૫ બાય ૧૦ વ્યૂઝ ઓન ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રી ૨૦૧૯' વિષય ઉપર સેમિનાર યોજાયો હતો. જેમાં સેન્ચુરી એન્કા લિમિટેડના શ્રી સંજય મેહરોત્રા, યશ ફેશન પ્રા.લી.ના શ્રી જવાહર ગોંડલીયા, સાઉથ ગુજરાત ટેક્ષ્ટાઇલ પ્રોસેસિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી જિતેન્દ્ર વખારીયા, ટેકનોક્રેટ અને ઉદ્યોગપતિ શ્રી દિનેશ ઝવેરી અને સુરત એપેરલ એકેડમીના ડો. બંદના ભટ્ટાચાર્યએ ટેક્ષ્ટાઇલ ઈન્ડસ્ટ્રીના જુદા–જુદા પાસાઓને આવરી લેતા વકતવ્યો રજૂ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.

ચેમ્બરના પ્રમુખ શ્રી હેતલ મહેતાએ તમામને આવકાર્યા હતા અને પ્રારંભિક ઉદ્‌બોધન કર્યુ હતુ. તેમણે કહયુ હતુ કે, ટેકનોલોજી અપગ્રેડ કરવાની હોય ત્યારે આવા સેમિનારનું આયોજન થવુ જોઇએ. દુનિયામાં કયા પ્રકારના કપડાની ડિમાન્ડ છે અને તે કપડુ બનાવવા માટે શુ કરવુ જોઇએ તે મહત્વનુ છે. ભારતને હવે આખી દુનિયા પર રાજ કરવો છે અને એ સમય હવે શરૂ થઇ રહયો છે. આપણે એથીકસ અને માઇન્ડ સેટ કરવુ પડશે અને બિઝનેસ રિલેશન ડેવલપ કરવા પડશે.

ચેમ્બરની જીએફઆરઆરસી કમિટીના ચેરમેન શ્રી ગીરધરગોપાલ મુંદડાએ કહયુ હતુ કે, ભારત વર્ષની અર્થવ્યવસ્થાને મજબુત કરવા માટે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝનું મોટુ યોગદાન છે. આથી સરકાર, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રી તરફ ધ્યાન પણ આપે છે. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં આપણે હવે પ્લાન્ટમાં મોર્ડનાઇઝેશન, પ્રોડકટ ડાયવર્ઝેશન અને

પ્રોડકટ ઇનોવેશનની જરૂર છે. ઝીરો ડિફેકટ સાથેનુ કવોલીટી કપડુ આપણે સમયસર સપ્લાય કરી શકીએ. આગામી બે – ચાર વર્ષમાં સુરત ગારમેન્ટ ઇન્ડસ્ટ્રીઝનુ હબ બને તે દિશામાં કામગીરી કરી રહયા છે.

શ્રી સંજય મેહરોત્રાએ આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝના નવા ડેવલપમેન્ટ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, સુરતમાં વોર્પ નીટીંગ, એરજેટ અને વોટરજેટ મશીનરી લાગી રહી છે. પરંતુ હવે ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીજને કોમોડીટીથી સ્પેશિયાલિટી તરફ વળવુ પડશે. વેલ્યુ ચેઇન તરફ આગળ વધવાનો સમય આવી ગયો છે. ગ્લોબલ ટ્રેન્ડને સમજી પર્ફોમન્સ ટેક્ષ્ટાઇલને જોવાનુ રહેશે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં મલ્ટી ફંકશન ટેક્ષ્ટાઇલની જરૂર પડશે. તેમણે લાઇટવેટ, ગ્લોસી, યુવી અને મોશ્ચર મેનેજમેન્ટ, રિફલેકટર અને ફલોરોસેન્ટ યાર્ન વિશે પણ સમજણ આપી હતી.

શ્રી જવાહર ગોંડલીયાએ જણાવ્યુ હતુ કે, ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીનો નેચર સમજવો પડશે. પાવર લુમ ઇન્ડસ્ટ્રીમાં સમયની સાથે જે લોકોએ બદલાવ કર્યો તેઓ સફળ થઇ ગયા છે. સમય સાથે દરેકે ઇનોવેટ થવુ જ પડશે. કાપડ પહેલા જરૂરિયાતની વસ્તુ હતી પણ હવે એ પસંદગીની વસ્તુ થઇ ગઇ છે. એટલે લોકોની પસંદગીવાળુ કાપડ બનાવવુ પડશે. હવે સાદી સાડી પુરી થઇ ગઇ છે અને ગારમેન્ટનો યુગ આવી ગયો છે. મોટા મોલમાં ઘણી બધી બ્રાન્ડ આવી ગઇ છે. એટલે લોકોની પસંદ અને જરૂરિયાત સમજવી પડશે. આખા વિશ્વની નજર હવે ભારત ઉપર છે. આથી આપણે હવે સમયની માંગને સમજીને કવોલિટી કાપડ બનાવીને આપવુ પડશે.

શ્રી દિનેશ ઝવેરીએ શટલ લૂમ્સ વિશે માહિતી આપી હતી. તેમણે કહયુ હતુ કે, શટલ લુમની અંદર લેબર, ઇલેકટ્રીકલ અને ઓવરહેડ કોસ્ટ વધી ગઇ છે. આથી એ વોટરજેટની સામે ટકી શકે એમ નથી. વોટરજેટ, એરજેટ અને રેપીયર લુમ પર ઘણા બધા પ્રકારના ફેબ્રિકો બનાવી શકાય છે. ટેકનીકલ ટેક્ષ્ટાઇલના ફેબ્રિક ૬૦ ટકા ફિલામેન્ટ યાર્નથી બનાવેલુ છે. શટલ લુમમાં મોનો ફિલામેન્ટની કવોલિટી છે. શટલ લુમને જીવતો રાખવા માટે હવે સારા ફેબ્રિકસ બનાવવા પડશે. તેમણે ટેકનીકલ ટેક્ષ્ટાઇલ વિશે પણ માહિતી આપી હતી.

ડો. બંદના ભટ્ટાચાર્યએ જણાવ્યુ હતુ કે, વિશ્વમાં હવે લેડીઝ ગારમેન્ટની જેમ જ જેન્ટસ ગારમેન્ટની ડિમાન્ડ છે. સારૂ ફેબ્રિકસ, ઓછી કોસ્ટ ઓફ પ્રોડકશન અને ઓછો લેબર રેટનું વાતાવરણ માત્ર ભારતમાં છે. આથી મોટાભાગના વિદેશી બાયર્સ ભારતમાંથી જ ખરીદી કરવા આવી રહયા છે. ગારમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ આખી અલગ ઇન્ડસ્ટ્રી છે. ટેક્ષ્ટાઇલ સુરતમાં બને છે પણ એનો છેલ્લો પ્રોડકટ ગારમેન્ટ છે. સુરતમાંથી જ સિન્થેટીક લઇને આખુ વિશ્વ ગારમેન્ટ બનાવીને વેચી રહયુ છે તો સુરતમાં જ કેમ નહી ગારમેન્ટ બનાવીએ. ગારમેન્ટ અહી જ બનશે તો વેલ્યુ એડીશન થઇ જશે.

ચેમ્બરની જીએફઆરઆરસી કમિટીના કો–ચેરમેન શ્રી હિમાંશુ બોડાવાલાએ પ્રાસંગિક વિધીઓ કરી હતી. જયારે એડવાઇઝર શ્રી મહેન્દ્ર કાજીવાલાએ તમામ વકતાઓ અને ટેક્ષ્ટાઇલના ઉદ્યોગપતિઓ અને વેપારીઓનો આભાર માની સેશનનું સમાપન કર્યુ હતુ.